:: હંગામી જાહેરનામું ::

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) અન્વયેનું જાહેરનામું.

નં.એમએજી/લે.કો.-૧૫૦/વશી. ૨૧૧૯/૧૯
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી-બ્લોક,
જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત
તા. ૩૧/૧૨/૨૦૧૯

ચીફ જનરલ મેનેજર DFCCIL (Dedicated Freight Corridor Corporation of India Ltd.) વડોદરાની તા.૧૭/૦૭/૨૦૧૯ તથા તા.૨૮/૧૧/૧૯ ની દરખાસ્ત આધારે ગોથાણ રોડ-રંગોલી ચોકડીથી કીમ રોડ વચ્ચે આવેલ રેલ્વે ક્રોસીંગ નં.૧૫૦ ખાતે રોડ ઓવરબ્રીજ બનાવવાના કામે તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી કાયદો અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઇ બંધ કરવાનો હોવાથી, સદરહું સમયગાળા દરમ્યાન આ રૂટનો વાહન વ્યવહાર સરળતાથી ચાલે અને કોઇ ટ્રાફીક અવરોધ ઉભો ન થાય અને જાહેર જનતાની સલામતી જળવાઇ રહે તે માટે લોકહિતમાં વાહનો માટે ટ્રાફીક ડાયવર્ઝન કરવાનું જરૂરી જણાતું હોય, આ કામે ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ હું એસ. ડી. વસાવા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત સદર રેલ્વે ક્રોસીંગ નં.૧૫૦ તા.૩૧/૦૩/૨૦૨૧ સુધીની મુદત સુધી બંધ રાખવા ઠરાવુ છું તથા સદરહું સમય દરમ્યાન નીચે જણાવ્યા મુજબના રૂટ ઉપર ટ્રાફિક ડાયવર્ટ કરવા ફરમાવું છું.

રેલ્વે ફાટક નં.૧૫૦ ખાતે રોડ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી માટે બંધ રહે તે દરમ્યાન તેના વિકલ્પ તરીકે વાહન વ્યવહાર તથા લોકોની અવર-જવર દક્ષિણ દિશામાં ગોથાણ ફાટક નં. ૧૪૯ તથા ઉત્તરે સાયણ રેલ્વે ઓવરબ્રીજ ઉપરથી થઇ શકશે.

સદર જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ:- ૩૧/૧૨/૨૦૧૯ ના રોજ મારી સહી સિકકા કરી આપવામાં આવેલ છે.

(એસ.ડી.વસાવા)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

જા. નં. માન/૨૦૨૦/૬૧૭૦
તા. ૧૩/૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત શહેર જિલ્લાની શાળાઓ તરફ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો સુરત.

Scanned by CamScanner